અપંગોને કૃત્રિમ અવયવો
બેસાડવા તથા શૈક્ષણિક ધંધાકીય
રીતે ઉપયોગી સાધનો ખરીદવા
માટે સહાય બાબત...

ગુજરાત સરકાર
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**
ઠરાવ ક્રમાંક:અપગ/૧૦૨૦૧૧/૪૩/છ.૧
સચિવાલય, ગાંધીનગર.
તા.૫/૭/૨૦૧૧

વંચાણમાં લીધા:
(૧) સમાજકલ્યાણ વિભાગનો ઠરાવ નં.અપગ/૧૦૯૦/૪૭૫૬/છ, તા.૩.૧૦.૯૧
(૨) સમાજકલ્યાણ વિભાગનો ઠરાવ નં.અપગ/૧૦૯૮/૧૪૧૭/છ, તા.૨.૯.૯૮
(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ નં.અપગ/ ૧૦૨૦૦૬/ન.બા.૧૩/છ.૧, તા.૭.૧૧.૨૦૦૬
(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ નં.અપગ/ ૧૦૨૦૦૬/ન.બા.૧૫/છ.૧, તા.૮.૧૧.૨૦૦૬
(૫) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ નં.અપગ/ ૧૦૨૦૦૬/ન.બા.૧૩/છ.૧, તા.૨૭.૮.૨૦૦૮
(૬) ઉદ્યોગ અને ખાણ વિભાગનો ઠરાવ ક્રમાંક:ટીએપી–૧૦/૨૦૧૦/ ૭૭૨૫૦૬–ખ, તા.૧.૧.૨૦૧૧

// **આમુખ** //

રાજ્યમાં વસતાં અપંગ લોકોને પગભર કરવા તથા યોગ્ય રીતે જીવન વિતાવી શકે તે માટે કૃત્રિમ અવયવો / સાધનો તેમજ વ્યવસાય કે શિક્ષણ માટે વિવિધ પ્રકારના સાધનો ખરીદવા માટેની સહાય રાજ્ય સરકાર તરફથી આપવામાં આવે છે.

રાજ્ય સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગના તેમજ સમાજ સુરક્ષા હેઠળની વિકલાંગ સહાય યોજનાઓ હેઠળ જુદી જુદી એજન્સીઓ મારફતે જુદી જુદી કિંમતોના, સ્પેસીફિકેશન તેમજ સંખ્યામાં રાજ્યના લાભાર્થીઓને ટૂલ કીટ / સાધન સહાય આપવામાં આવે છે. તમામ લાભાર્થીઓને એક જ પ્રકારના વ્યવસાય માટે એક સરખા સ્પેસીફિકેશનવાળાં અને એક જ સરખી સંખ્યામાં સાધન મળી રહે તે માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૧.૧.૨૦૧૧ના ઠરાવ ક્રમાંક:ટીએપી–૧૦/૨૦૧૦/૭૭૨૫૦૬/ખ,થી સાધનો અને તેની મહત્તમ કિંમત જાહેર કરવામાં આવેલ છે. (અંનેક્ષર:૧)

અન્ય લાભાર્થીઓ કરતાં વિકલાંગ લાભાર્થીઓને બે સહાયની જરૂરિયાત ઉભી થાય છે. જેમાં એક સહાયથી વિકલાંગ વ્યકિતને શારીરિક મુશ્કેલી દૂર કરવા માટેનું સાધન ઉપલબ્ધ થાય છે, પરંતુ આવા સાધનોથી તે વ્યકિત સ્વરોજગારી મેળવી શકે તેમ નથી. આથી આર્થિક રીતે પગભર થવા માટે આવી વ્યકિત સ્વરોજગારી મેળવી શકે તેવા સાધનોની



..૨...

પણ જરૂરિયાત ઉભી થાય છે. આમ, જો બન્ને પ્રકારની સહાય મળે તો જ વિકલાંગ વ્યકિતઓને યોગ્ય સહાય કરી શકાય તેમ છે. આથી શારીરિક મુશ્કેલી દૂર કરવા માટેનું સાધન તથા સ્વરોજગારી મેળવવા માટેનું સાધન એમ બન્ને સાધનો માટેની સહાય વિકલાંગ વ્યકિતઓને પૂરી પાડવાની બાબત વિચારણા હેઠળ હતી.

// <u>ઠરાવ</u> //

ઉપરોક્ત બાબતે પુખ્ત વિચારણા કરતાં વિકલાંગ વ્યકિતઓને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવમાં જણાવેલી લાભ મેળવવાની શરતો અન્વયે નીચે મુજબનો નિર્ણય કરવામાં આવે છે :–

(૧) ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૧.૧.૨૦૧૧ના ઠરાવમાં જોડાણ–૧માં વ્યવસાય માટે જણાવેલ સાધનો (૪૨ સાધનો) માટે વિકલાંગ વ્યકિતઓ સહાય મેળવવાપાત્ર બનશે.

(૨) ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૧.૧.૨૦૧૧ના ઠરાવના જોડાણ–૨માં જે સાધનો વિકલાંગ વ્યકિતઓ માટે નકકી કરવામાં આવેલ છે તેમાં શારીરિક મુશ્કેલી દૂર કરવા માટે મદદરૂપ થઈ પડે તેવા સાધનો માટે વિકલાંગ વ્યકિતઓ સહાય મેળવવાપાત્ર બનશે.

(૩) જે વિકલાંગ વ્યકિત તરફથી જોડાણ (૧) તેમજ જોડાણ (૨)માં જણાવેલ બન્ને સાધનો માંગવાની અરજી કરવામાં આવી હશે તો નિયમાનુસાર બન્ને પ્રકારના સાધનં માટે તે યોગ્ય ગણાશે.

(૪) વિકલાંગ વ્યકિત તરફથી ફકત જોડાણ (૧) અથવા જોડાણ (૨)માં જણાવેલ સાધનો માટેની સહાય માંગવામાં આવેલ હશે તો તે જોડાણમાં જણાવેલ સાધન પૂરતી સહાય મેળવવાને પાત્ર રહેશે.

<u>દા.ત.</u> એક અરજદાર તરફથી તેની વિકલાંગતાને અનુરૂપ ફોલ્ડીગ વ્હીલચેર માટેની સહાયની માંગણી કરેલી હોય તેમજ અમ્બ્રોયડરી કામ માટેના સાધનની માંગણી કરી હોય તો તે બન્ને સાધનો મેળવવાને પાત્ર બને છે. કારણ કે, ફોલ્ડીગ વ્હીલચેર તે તેની શારીરિક વિકલાંગતા ઘટાડવામાં મદદરૂપ થાય છે, જ્યારે એમ્બ્રોયડરી મશીન તેને આવક મેળવવા માટે ઉપયોગી થાય છે. જો આ જ લાભાર્થીએ ફકત ફોલ્ડીગ વ્હીલચેરની માંગણી કરી હોય તો તેને ફકત ફોલ્ડીંગ વ્હીલચેર માટે પાત્ર ગણવાના રહે છે. તે જ પ્રમાણે આ જ લાભાર્થીએ ફકત એમ્બ્રોયડરી કામ માટેના સાધનની માંગણી કરી હોય તો તે જ મશીનનો લાભ મળવાપાત્ર થાય છે.

(૫) અપંગોને કૃત્રિમ અવયવો બેસાડવા તથા શૈક્ષણિક / ધંધાકીય ઉપયોગી સાધનો પૂરા પાડવાની યોગ્યતા માટેની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વિવિધ ઠરાવોની જોગવાઈને ધ્યાનમાં રાખીને જ લાભાર્થીઓને સહાય આપવાની થશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આઈ.એમ. કુરેશી)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના ઉપ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- વિકલાંગ વ્યકતિઓ માટેના કમિશ્નરશ્રી, બ્લોક નં.૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ભોંયતળિયુ, બ્લોક નં.૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર... યોજનાને બહોળી પ્રસિધ્ધિ આપવાની વિનંતીસહ.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતુ, બ્લોક નં.૪, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતુ, બ્લોક નં.૪, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે કલેકટરશ્રી.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી. (*નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા મારફત*)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
- સર્વે હિસાબી અને તિજોરી અધિકારીશ્રી.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- નાણાં વિભાગ / 'જ' શાખા, સચિવાલય, ગાંધીનગર.
- સામાજિક ન્યાય અને અધિકારી વિભાગની 'છ'/'છ.૧'/'બજેટ'/'રોકડ' શાખા.
- સિલેકટ ફાઈલ 'છ.૧' શાખા.

નં.ક્રમાંક/સા.સુશા/૧૧૧૨/૧૦૦૨૫

નકલ સવિનય રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
૧) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓને.
૨) સંબધિત ફાઈલ.

તા.૧૬-૮-૨૦૧૧

નાયબ નિયામક
સમાજ સુરક્ષા ખાતુ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર